ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



## મહિસાગર જિલ્લામાં ધુળેટીનો ઉત્સવ માતમમાં ફેરવાયો : ડૂબી જવાના અલગ-અલગ ત્રણ ઘટનાથી અરેરાટી વ્યાપી

# મહિસાગર જિલ્લામાં ડૂબી જવાથી 6ના કરુણ મોત

**કોઠંબાના નાકા** તળાવમાં ન્હાવા પડેલા કંતાર ગામના બે સગા ભાઈ સહિત 4 મિત્રોના જળસમાધિ



(પ્રતિનિધિ) લુણાવાડા તા.5

મહીસાગર જિલ્લામાં હોળી-ધુળેટીના પર્વની ઉજવણીનો આનંદ તે સમયે શોકમાં ફેરવાઈ ગયો જ્યારે જિલ્લાના અલગ-અલગ વિસ્તારોમાં પાણીમાં ડૂબી જવાની ત્રણ દુખદ ઘટનાઓ સામે આવી. ધુળેટી રમ્યા બાદ જળાશયોમાં ન્હાવા પડેલા કુલ 6 આશાસ્પદ યુવાનોએ જીવ ગુમાવતા અનેક પરિવારોમાં કલ્પાંત મચી ગયો છે. ખાસ કરીને કોઠંબા પંથકમાં એકસાથે ચાર યુવાનોના મોતના સમાચારથી સમગ્ર પંથક સ્તબ્ધ થઈ ગયું છે. આ અંગે તહેવારો દરમિયાન વધતી આવી જાનહાનિની ઘટનાઓને પગલે પ્રશાસન દ્વારા કડક અપીલ કરવામાં આવી હતી. જેમાં નાગરિકો નદી, તળાવ કે કેનાલ જેવા જોખમી સ્થળોએ ન્હાવા ન જાય અને પૂરતી સાવચેતી રાખવા તાકીદ કરવામાં આવી હતી. આમ છતાં છએ જીવ ગુમાવ્યાં હતાં.

કોઠંબામાં ન્હાવા પડેલા ચાર મિત્રો ઊંડા પાણીમાં ગરકાવ સૌથી મોટી હોનારત કોઠંબા તાલુકાના રાઘવના મુવાડા પાસે આવેલા નાકા તળાવમાં બની હતી. કંતાર ગામના ચાર યુવકો ધુળેટી રમ્યા બાદ તળાવમાં ન્હાવા માટે પડ્યા હતા. જોકે, પાણીના ઉંડાણનો અંદાજ ન આવતા ચારેય યુવાનો ડૂબવા લાગ્યા હતા. આ દુર્ઘટનામાં અમિતકુમાર વિનોદભાઈ બારીયા, તુષારકુમાર રુગનાથભાઈ બારીયા તેમજ બે સગા ભાઈ જયેશ જશવંતભાઈ બારીયા અને વિપુલકુમાર જશવંતભાઈ બારીયાના કરુણ મોત નીપજ્યા છે. કોઠંબા પોલીસે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### મહીસાગર નદીના વહેણમાં યુવક તણાયો

લુણાવાડા નજીક હાડોડ ગામ પાસે મહીસાગર નદીના જુના બ્રિજ પાસે બે યુવકો ન્હાવા ઉતર્યા હતા. નદીના તેજ વહેણમાં બંને તણાવા લાગતા લુણાવાડા ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. ફાયરની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરી એક યુવકને સુરક્ષિત બચાવી લીધો હતો, પરંતુ અન્ય એક યુવક લાપતા થયો હતો. કલાકોની જહેમત બાદ ફાયર બ્રિગેડને આ યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો.

### જળાશયોમાં ન્હાવા પર પ્રતિબંધ હતો

મહિસાગર જિલ્લાના કડાણા તાલુકાના ઘોડીયાર પુલ નજીક આવેલા મહિસાગર નદીકિનારે, લુણાવાડા તાલુકામાં આવેલા પાનમ ડેમ નદી કિનારે, દેગમડા નજીક મહીસાગર નદીકિનારે, હાડોડ પુલ નજીક મહિસાગર નદીકિનારે તથા આગરવાડા પુલ નજીક મહિસાગર નદી કિનારે તથા મહિસાગર જિલ્લામા આવેલા અન્ય તળાવો-જળાશયો વિગેરે જગ્યાએ ન્હાવા માટે હોળી-ધૂળેટીના દિવસોએ મોટી સંખ્યામાં લોકોનો ધસારો રહે છે. ઉત્સાહના અતિરેકમાં ઘણી વખત દૂર સુધી નાહવા માટે જતા રહેવાથી ડૂબી જવાની ઘટનાઓ બનતી હોય છે. આથી બે દિવસ સુધી મહિસાગર જિલ્લામાં આવેલા તમામ નદીપટ્ટ તથા તળાવ કિનારે નાહવા તથા અન્ય કામે જવા પર તંત્ર દ્વારા પ્રતિબંધ ફરમાવવામાં આવ્યું હતું.

## વીરપુરના વરધરાની કેનાલમાં ડૂબી જતાં યુવકે જીવ ગુમાવ્યો

**યુવકના પિતાએ હત્યા** કરાઇ હોવાનો આક્ષેપ કર્યો

(પ્રતિનિધિ) વીરપુર તા.5

વીરપુર તાલુકાના નાર ગામનો વતની અને લીમરવાડા રામાવત ગામે સસરાના ઘરે રહેતા યુવકનું વરધરાની કેનાલમાં ડૂબી જતાં મોત નિપજ્યું હતું.

સુરતના પલસાણ તાલુકાના નિઓલ સાબરગામમાં રહેતા મંગળભાઈ બનાભાઈ પરમારનો પુત્ર જીગર મંગળભાઈ પરમાર (ઉ.વ.25) લીમરવાડા રામાવત ગામમાં સસરા તખતસિંહ કાળુસિંહ પરમારના ઘરે રહેતો હતો. દરમિયાનમાં 4થી માર્ચના રોજ બપોરના સુમારે તે ઘરેથી કુદરતી હાજતે જવા નિકળ્યો હતો. પરંતુ મોડી સાંજ સુધી પરત ન ફરતા તપાસ હાથ ધરી હતી. આ સમયે ગામના સમી સાંજના સુમારે વરધરા ગામમાંથી પસાર થતી સુજલામ સુફલામ કેનાલના પાણીમાંથી તેનો મૃતદેહ મળ્યો હતો. પ્રાથમિક તપાસમાં ડૂબી જતાં મોત થયાનું જણાયું હતું. આ અંગે વીરપુર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. જ્યારે વધુ તપાસ માટે મૃતદેહનું પેનલ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. જેના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. આમ છતાં વધુ તપાસ માટે વિસેરા લેવામાં આવ્યાં છે.

આ ઘટનાની જાણ થતાં જીગરના પિતા મંગળભાઈ વરધરા ગામમાં દોડી આવ્યાં હતાં. તેઓએ આક્ષેપ કર્યો હતો કે, મને 5-15ના સુમારે સમાચાર મળ્યાં હતાં. જોકે, સામેવાળાએ મને જાણ કરી નહતી. હું કાયદેસર કાર્યવાહી કરવા માંગુ છું. શરીર પર પાછળના ભાગે લોહી જામી ગયાનું અને અંગુઠા પર વાગ્યાનું જણાય છે.

### નડિયાદના અમદાવાદી બજારમાં ભીષણ આગ




નડિયાદના હાર્દ સમાન અમદાવાદી બજારમાં વલ્લભ હાર્ડવેર નામની દુકાનમાં ધૂળેટીની બપોરે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા અફરાતફરી મચી ગઈ હતી. દુકાનમાં રહેલા પ્લાસ્ટિકની પાઈપોના જથ્થાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું અને બે માળને પોતાની ઝપેટમાં લીધા હતા. નડિયાદ ફાયર બ્રિગેડના 3 ફાયર ફાઈટરોએ સાંકડી ગલીઓ વચ્ચે ભારે જહેમત ઉઠાવી પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવી કાબૂમાં લીધી હતી. શોર્ટ સર્કિટથી લાગેલી આ આગમાં લાખોનો માલ સામાન બળીને ખાખ થયો છે, જોકે તહેવારના કારણે બજારમાં ભીડ ઓછી હોવાથી સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી.

## નડિયાદ BAPS મંદિર ખાતે UAEમાં ફસાયેલા ગુજરાતીઓનું આગમન

**યુએઈમાં ફસાયેલા** 200થી વધુ ગુજરાતીઓ હેમખેમ વતન પરત ફરતાં ભાવુક દ્રશ્યો સર્જાયા



તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

દુબઈ અને અબુધાબીમાં અનિવાર્ય સંજોગોને કારણે ફસાયેલા 200થી વધુ ગુજરાતી યાત્રીઓ સુરક્ષિત રીતે પોતાના વતન પરત ફર્યા છે. આ તમામ યાત્રીઓ શારજાહથી મુંબઈ અને ત્યાંથી ખાનગી બસ મારફતે નડિઆદ સ્થિત બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે આવી પહોંચતા પરિવારજનોમાં ખુશીની લહેર જોવા મળી હતી.

મળતી વિગતો અનુસાર, પર્યટન અર્થે ગયેલા મહિલાઓ, પુરુષો અને બાળકો સહિત 200થી વધુ ગુજરાતીઓ ત્યાં અટવાઈ પડ્યા હતા. આ કપરી પરિસ્થિતિમાં યોગી ઓવરસીઝ અને બીએપીએસ મંદિર મેનેજમેન્ટે તાત્કાલિક હસ્તક્ષેપ કર્યો હતો. તેમણે યુએઈ સરકાર સાથે સતત સંકલન સાધીને યાત્રીઓની સુખરૂપ ઘરવાપસી માટેના પ્રયાસો હાથ ધર્યા હતા.

આ સંયુક્ત પ્રયાસોને પરિણામે, એર અરેબિયાના વિમાન મારફતે તમામ યાત્રીઓને શારજાહથી મુંબઈ લાવવામાં આવ્યા હતા. મુંબઈ એરપોર્ટ પર ઉતર્યા બાદ, યાત્રીઓને ત્યાંથી ખાસ લક્ઝરી બસો દ્વારા સીધા નડિઆદ BAPS મંદિર ખાતે લાવવામાં આવ્યા હતા. સુરક્ષિત રીતે વતન પરત ફરેલા યાત્રીઓએ રાહતનો શ્વાસ લીધો હતો અને આ કપરા સમયમાં મદદરૂપ થનાર સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. બીએપીએસ અબુધાબી મંદિરના હેડ બ્રહ્મવિહારી સ્વામીજી તથા આત્માવત્સલદાસ સ્વામીજી અને તેમની ટીમનો મહત્વપૂર્ણ સહકાર અને માર્ગદર્શન મળ્યું હતું.

## ભાદરણ પાસે વાહનની અડફેટે યુવકનું મોત

**મિત્રના પુત્રની** ચૌલક્રિયા પતાવી પરત ફરતી વખતે અકસ્માત સર્જાયો

(પ્રતિનિધિ) બોરસદ તા.5

બોરસદના ભાદરણ પંથકમાં શરણાઈ કુવા રોડ પર અજાણ્યા વાહન ચાલકની બેદરકારીએ એક યુવાનનો ભોગ લીધો છે.

ભાદરણ ખાતે રહેતા કુલદીપકુમાર ભીખાભાઇ ચૌહાણ તેમના મિત્ર સચીન પઢિયાર સાથે મોટરસાયકલ પર મિત્રના પુત્રની ચૌલક્રિયાના પ્રસંગમાં ગયા હતા. રાત્રિના સમયે પ્રસંગ પતાવીને બન્ને મિત્રો જ્યારે ઘરે પરત ફરી રહ્યા હતા, ત્યારે શરણાઈ કુવા રોડ પર કોઈ અજાણ્યા વાહન ચાલકે પોતાની ગાડી બેદરકારીપૂર્વક ચલાવી બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં બાઈક ચાલક કુલદીપકુમારને ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. જ્યારે તેમની સાથે બેઠેલા સચીન પઢિયારને નાની-મોટી ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે બોરસદની અશ્મિ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આ સમગ્ર બનાવ અંગે મૃતકના પિતા ભીખાભાઈ ચૌહાણે અકસ્માત સર્જી ફરાર થઈ ગયેલા અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ભાદરણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી ફરાર વાહન ચાલકની શોધખોળ અને આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## પેટલાદમાં ચામુંડા માતાજીના ચરણે મુખ્યમંત્રી શીશ ઝુકાવશે

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ** 7મી માર્ચે આણંદના પ્રવાસે આવશે




(પ્રતિનિધિ) આણંદ તા.5

પેટલાદ ખાતે આવેલા અતિ પૌરાણિક ચામુંડા માતાજીના મંદિરમાં 7મી માર્ચ, શનિવારના રોજ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પધારવાના છે. મુખ્યમંત્રીની આ મુલાકાતને ધ્યાને લઈને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ કાર્યક્રમનું આયોજન સુવ્યવસ્થિત રીતે થાય તે હેતુથી કલેક્ટર પ્રવીણ ચૌધરીના અધ્યક્ષસ્થાને મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેક્ટરે મુખ્યમંત્રીના કાર્યક્રમ માટે પ્રોટોકોલ મુજબ પોલીસ બંદોબસ્ત, બેઠક વ્યવસ્થા અને અન્ય પાયાની જરૂરિયાતોનું યોગ્ય આયોજન કરવા સંબંધિત અધિકારીઓને સૂચના આપી હતી. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે, વીઆઈપી રૂટ પર સાફ-સફાઈ થાય અને વાહનવ્યવહારનું નિયમન જળવાય તે બાબતે પણ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી, જિલ્લા પોલીસ અધિક્ષક ગૌરવ જસાણી, નિવાસી અધિક કલેક્ટર ઋતુરાજ દેસાઈ, પેટલાદના પ્રાંત અધિકારી હિરેન બારોટ સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ચામુંડા માતા ટ્રસ્ટ, પેટલાદના ચેરમેન નિરંજનભાઈ પટેલ અને ટ્રસ્ટી ખોડાભાઈ પટેલ પણ હાજર રહી જરૂરી વ્યવસ્થાઓ અંગે ચર્ચા કરી હતી.

## નડિયાદ :મંજીપુરામાં મંદિર પાસે જ દબાણોનો ખડકલો

**દબાણો અને ગંદકી** છતાં મનપાની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં ભારે આક્રોશ

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

નડિયાદ શહેરના મંજીપુરા રોડ પર ફાટક પાસે સ્થિત પૌરાણિક બળિયાદેવ મંદિરની પવિત્રતા અને શ્રદ્ધાળુઓની આસ્થા જોખમાઈ રહી છે. આ ધાર્મિક સ્થળની બિલકુલ નજીક અને જાહેર માર્ગો પર ગેરકાયદે દબાણોનો રાફડો ફાટ્યો છે. સૌથી ગંભીર બાબત એ છે કે મંદિરની મર્યાદા જળવવાને બદલે અહીં ખુલ્લેઆમ માંસ, ચિકન અને ઈંડાની લારીઓ તેમજ કેબિનો ખડકી દેવામાં આવી છે, જેના કારણે ભક્તોની લાગણી દુભાઈ રહી છે.

આ વિસ્તારમાં માત્ર માંસ-મટન જ નહીં, પરંતુ દેશી દારૂના અડ્ડાઓ પણ ધમધમતા હોવાથી અસામાજિક તત્વોનો જમાવડો હોવાની ફરિયાદ ઉઠી છે. આ અશોભનીય પ્રવૃત્તિઓને કારણે મંદિરે દર્શનાર્થે આવતી મહિલાઓની સુરક્ષા અને ધાર્મિક આસ્થા સામે સવાલો ઉભા થયા છે. લારી-ગલ્લાઓના કારણે સમગ્ર વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે અને માર્ગો સાંકડા બની જતા વાહનચાલકોને પણ ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

આ અંગે સ્થાનિક રહીશો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં નડિયાદ મહાનગરપાલિકાનો ટાઉન પ્લાનિંગ વિભાગ અને દબાણ શાખા કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ જણાય છે.

## નડિયાદમાં લોન અપાવવાના બહાને લાખોની છેતરપિંડી

**કેપિટલ ફાઇનાન્સના** સંચાલકોએ 50થી વધુ વ્યક્તિ પાસેથી નાણાં પડાવ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.5

નડિયાદમાં ‘કેપિટલ ફાઈનાન્સ એન્ડ કન્સલ્ટન્સી’ નામની પેઢી દ્વારા લોન અપાવવાની લાલચ આપી અનેક લોકો સાથે ઠગાઈ આચરવામાં આવી હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. ખેડા જિલ્લાના ડાકોર, ઠાસરા અને નડિયાદ ગ્રામ્ય પંથકના અંદાજે 40 થી 50 જેટલા અરજદારોએ એકત્ર થઈ નડિયાદ ટાઉન પોલીસ મથકે લેખિત રજૂઆત કરી ન્યાયની માંગ કરી છે.

આ કન્સલ્ટન્સી દ્વારા સોશિયલ મીડિયા અને વર્તમાનપત્રોમાં આકર્ષક જાહેરાતો આપી આર્થિક જરૂરિયાત ધરાવતા મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને લોન માટે આકર્ષવામાં આવ્યા હતા. શરૂઆતમાં મીઠી વાતો કરી વિશ્વાસમાં લીધા બાદ, લોન મંજૂર કરવાના બહાને ફાઈલ ચાર્જ, ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને વીમા પ્રીમિયમ પેટે દરેક વ્યક્તિ પાસેથી હજારો રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. લાંબો સમય વીતવા છતાં લોન ન મળતા અને ઓફિસ સંચાલકો દ્વારા સંતોષકારક જવાબ ન મળતા આખરે છેતરાયા હોવાનું જણાતા ભોગ બનનારાઓએ પોલીસના દ્વાર ખખડાવ્યા છે. પોલીસે હાલ અરજી સ્વીકારીને તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જોકે, છેતરાયેલા અરજદારોએ પોતાની ભરેલી રકમ પરત માંગવાનો પ્રયાસ કર્યો ત્યારે ઓફિસ સ્ટાફ દ્વારા ઉદ્ધત વર્તન કરી વારંવાર ધક્કા ખવડાવવામાં આવતા હતા. અંતે કોઈ રસ્તો ન જણાતા પીડિતોએ પોલીસમાં રજૂઆત કરી છે.

### વીમા કવચના નામે ઉઘાડી લૂંટ

લોન પાસ કરાવવા માટે વીમો લેવો અનિવાર્ય હોવાનું કહીને એજન્ટો દ્વારા અરજદારો પર દબાણ લાવવામાં આવતું હતું. વીમા પ્રીમિયમના નામે લેવામાં આવેલી રકમ કોઈ અધિકૃત કંપનીમાં જમા કરાવવાને બદલે સંચાલકોએ પોતે જ હજમ કરી લીધી હોવાના આક્ષેપો થયા છે.

## શિક્ષાપત્રીના માર્ગે ચાલવાથી ભારતની પ્રગતિ નિશ્ચિત : મોહન ભાગવત

**વડતાલધામમાં** સંઘ શતાબ્દી અને શિક્ષાપત્રી દ્વિશતાબ્દી પર્વે મોહનજી ભાગવતએ દર્શન કર્યાં


(પ્રતિનિધિ) નડિયાદ તા.5

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સરસંઘચાલક પૂજ્ય ડો. મોહનજી ભાગવતે શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની રાજધાની વડતાલધામની મુલાકાત લીધી હતી. સંઘ શતાબ્દી વર્ષ અને શિક્ષાપત્રી દ્વિશતાબ્દી વર્ષના પવિત્ર સંગમ ટાણે પધારેલા સંઘ વડાનું વડતાલ ગાદીના આચાર્યશ્રી, સંતો અને હરિભક્તો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમદાવાદથી સીધા વડતાલ પહોંચેલા ડો. ભાગવતે ગોમતીજીના કિનારે નિર્માણ પામી રહેલા ભારતના સૌથી મોટા સનાતન ધર્મ સંગ્રહાલય ‘અક્ષર ભુવન’ની મુલાકાત લીધી હતી. અહીં તેમણે પૂજ્ય સંતો અને ઋષિકુમારોના વેદ મંત્રોચ્ચાર વચ્ચે ગજેન્દ્ર પિઠિકાનું પૂજન કર્યું હતું. ત્યારબાદ તેમણે ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત લક્ષ્મીનારાયણ દેવના દર્શન કર્યા હતા, જ્યાં આસામ, મણીપુર અને ત્રિપુરાના બાળકોએ રાધિકાષ્ટકમ મંત્રો સાથે તેમનું અભિવાદન કર્યું હતું.

આ અંગે પ્રબુદ્ધ નાગરિકોને સંબોધતા મોહનજીએ જણાવ્યું હતું કે, સંઘ જે કાર્ય કરી રહ્યો છે તેનો વાસ્તવિક કર્તા ઈશ્વર છે. તેમણે ગોવર્ધન લીલાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, પ્રભુએ ટચલી આંગળીએ પર્વત ઉપાડ્યો છે, આપણે તો માત્ર લાકડી અડાડી રહ્યા છીએ. તેમણે વધુમાં ઉમેર્યું કે ભારતનું શાસ્ત્ર જ્ઞાન જ વિશ્વને વિનાશથી બચાવી શકે છે અને શિક્ષાપત્રીના નિયમોનું પાલન સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવી શકે છે.

આ પ્રસંગે આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજે મોહનજી ભાગવતને આગામી ડિસેમ્બરમાં યોજાનારા ધોલેરા મંદિરના દ્વિશતાબ્દી મહોત્સવનું હાર્દિક આમંત્રણ પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાં વડતાલ સંસ્થાનના ચેરમેન ડો. સંતવલ્લભ સ્વામી, નૌતમ સ્વામી સહિત વિવિધ મંદિરોના કોઠારી સ્વામીઓ અને



રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225